# પ્રેસ-નોટ

## ચાંદખેડા વિસ્તારમાંથી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતાં કુલ ૧૩ ઇસમોને કુલ્લે રૂપીયા ૨,૪૩,૧૭૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી 'એલ'ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી હાલમાં જન્માષ્ટમીનો તહેવાર ચાલતો હોય જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે આજરોજ અમો તેમજ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ. ધર્મેન્દ્રકુમાર નવઘણજી બ.નં.૧૦૦૪૪ નાઓને એક ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે મોટેરા આશારામ આશ્રમ પાસે શિવનગર સોસાયટી ખાતે મકાનના ધાબા ઉપર ખુલ્લામાં કેટલાક ઇસમો ભેગામળી ગંજીપાનાથી નાણાંની હારજીતનો જુગાર રમી રમાડે છે. જે પ્રવુત્તી હાલમાં ચાલુ છે જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ જઇ રેઈડ કરતાં કુલ ૧૩ ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગઝડતીના નાણાં રૂ.૧,૩૬,૪૨૦/- તથા દાવના નાણાં રૂ.૪૩,૭૫૦/-તથા મોબાઇલ ફોન નંગ. ૧૦ કિં.રુ. ૬૩,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨,૪૩,૧૭૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ ૧૩ ઈસમો વિરુધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નંબર ૩૧૨૯/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી તમામ ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યાવાહી કરી સારી ગણનાપાત્ર કામગીરી કરવામાં આવેલ છે તારીખ-૨૪/૦૮/૨૦૧૯.

(બી.કે.ગમાર)
પોલીસ ઇન્સપેક્ટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર